જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨/૯/૨૦૧૪ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૪૨/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી ૨૯૪ લીટર દેશી દારૂ, ૧૧ બોટલ ઇગ્લીશ દારૂ, ૦૫ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૪૩/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૨૪૪/૧૪**

**સોલા હાઇકોર્ટ** : દિપીકાબહેન બળદેવજી વાઘેલા (ઉ.વ.૧૬)(રહે.સતાધારપાર્ક સોસાયટી, વિભાગ-૨, ચાંદલોડીયા) ને તા.૩૦/૮/૧૪ બપોરનં ૪/૧૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી આનંદભાઇ વિનોદભાઇ હડવદિયા (રહે.ગુરૂકૃપા સોસાયટી ચાંદલોડીયા) લલચાવી ફોસલવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ તા.૧/૯/૧૪ નારોજ દિપીકાબહેનનાં પિતા બળદેવજી વાઘેલાએ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.ડાભી ચલાવે છે.

**છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૨૨૪૫/૧૪**

**દાણીલીમડા** : જીતેન્દ્રભાઇ રામાયણીભાઇ ચૌખે (રહે, બ્રહ્માંડ કોમ્પ્લેક્ષ, આંમલી દયાતફાલીયા સીલવાસ દાદરાનગર હવેલી) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૮/૧૪ રાતનાં ૧૦/૩૦ વાગે ચંડોળા ત્રણ રસ્તા પાસેથી પોતાની ટ્રકનાં ડ્રાઇવર મનોજકુમાર ભાનુપ્રસાદ ટ્રક લઇને પસાર થઇ રહ્યા હતા ત્યારે અજાણ્યા રીક્ષા ચાલકે પોતાની રીક્ષાથી ટ્રકને ઓવરટેક કરી અકસ્માત થયાનો ડોળ કરી અજાણ્યો ઇસમ પોતાની સારવાર કરાવવા ડ્રાઇવરને છેતરી વી.એસ.હોસ્પીટલમાં લઇ જઇ ડ્રાઇવરની નજર ચુકવી ત્યાંથી નાસી ગયો હતો. ત્યારબાદ ડ્રાઇવર મુકેલ જગ્યાએ ટ્રકને લેવા જતાં ટ્રક નંબર ડી.એન.૦૯.એચ.૯૧૦૯ કિંમત રૂપિયા ૬,૦૦,૦૦૦/- ની ચોરી અજાણી વ્યક્તિ કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.કે.બોદર ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૨૪૬/૧૪**

**જી.આઇ.ડી.સી.વટવા :-** અમરબહેન તે લાલજીભાઇ મોતીભાઇ પંચાલની વિધવા પત્ની(રહે. કેડીલાબ્રીજ સામે, છાપરાંમાં જશોદાનગર) એ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૮/૧૪ સવારનાં ૯/00 થી સાંજનાં ૫/૩0 વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી પીપડામાંથી રૂપિયા ૩,૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈન્સ.શ્રી જી.વી.ગોહીલ ચલાવે છે.

**નારણપુરા :** નવનીતભાઇ જયંતિલાલ પટેલ (રહે. બંધુ સમાજ સોસાયટી પંચશીલ બસ સ્ટેન્ડ પાસે ઉસ્માનપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૮/૧૪ સાંજનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના રસોડાની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.એસ. રાઓલ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૪૭/૧૪**

**નારણપુરા :** મહર્શી હસમુખભાઈ પંચાલ (રહે, હરસિધ્ધ કૃપા સોસાયટી, નારણપુરા) એ તા.૩૧/૮/૧૪ રાતનાં ૯/૩૦ વાગ્યાના સુમારે નારણપુરા ચાર રસ્તા પાસે, ગૌતમ પાન પાર્લર પાસે પોતાની ટાટા માંઝા કાર નંબર જીજે.૧.ડી.યુ. ૬૩૫૩ કિંમત રૂપિયા ૬,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧/૯/૧૪ સવારનાં ૮/૩૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ મહર્શી પંચાલે નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.પી. સોલંકી ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૨૪૮/૧૪**

**બાપુનગર :** સોનલબેન મગનભાઈ પટણી (ઉ.વ.૧૩)(રહે.કાંતીભાઈ પટણીના મકાનમા, ૧૩૭ છેલ્લા બસ સ્ટેન્ડ બાપુનગર) એ કોઇ કારણસર તા.૧/૯/૧૪ સાંજનાં ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.પી.વાઘેલા ચલાવે છે.

**નરોડા :** મધુકર પાનાજી તંતરપાડે (ઉ.વ.૬૦)(રહે.સુરભી શિવાલય સોસાયટી, આદીશ્વરનગર, નરોડા) એ બીમારીથી કંટાળી તા.૧/૯/૧૪ કલાક ૯/૨૫ વાગ્યાના સુમારે એસ.પી.રીંગ રોડ અરવિંદજી ઠાકોરનાં ખેતરમાં ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.ઇ.શ્રી એમ.કે.સડાત ચલાવે છે.

**એલીસબ્રીજ :** જીવણભાઇ વાલાભાઇ પરમાર (ઉ.વ.૪૦)(રહે.ગુપ્તાનગર વાસણા) એ કોઇ કારણસર તા.૧/૯/૧૪ બપોરનાં ૧/૦૦ વાગ્યાના સુમારે સરદારબ્રીજ પરથી નદીમાં પડી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેન્દ્રસિંહ બટુકસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.